# **વિશેષ નોંધ**

❖ **પ્રશ્ન હેઠળના રસ્તાનું નામ-:**

**(૧) અડાલજ-કોબાલીંક રોડને(કિ.મી.૦/૦૦ થી ૬/૨૦૦) ને વાઈટટોપીંગ કરવાની કામગીરીની કુલ લંબાઇ ૬.૨૦૦ કિ.મી. છે.**

| અનું. | જિલ્લો | લંબાઇ (કિ.મી) | હયાત રસ્તાની સ્થિતિ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬.૨૦ | ચાર માર્ગીય |

- ગાંધીનગર જિલ્લાની હદમાં આવેલ કિ.મી.૦/૦૦૦ થી ૬/૨૦૦લંબાઈમાં હયાત ચાર માર્ગીય રસ્તાને વાઈટટોપીંગ કરવાની કામગીરીનીનેતા.૨૬/૦૭/૨૦૨૩ થી ગાંધીનગર જિલ્લા માટે તાલુકા મથકોને તાલુકા મથકો સાથે જોડતા તેમજ તાલુકા મથકોને જિલ્લા મથકો સાથે જોડતા માર્ગો સુધારવા અને સંગિન બનાવવા યોજના હેઠળ રૂ.૨૬૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
- તા.૨૧/૦૬/૨૦૨૩ થી રૂ.૨૬૬૨.૯૯ લાખની તાંત્રિક મંજુરી મળેલ છે.
- તા.૨૮/૦૭/૨૦૨૩ થી રૂ.૨૬૦૦.૯૭ લાખના ડી.ટી.પી.નીમંજુરી મળેલ છે
- સદર રસ્તા પર છેલ્લે વર્ષ ૨૦૧૮-૧૯ માં વાયડનીંગની કામગીરી કરવામાં આવેલ હતી.
- સદર રસ્તા પર કિ.મી.૦/૦૦૦ થી ૬/૨૦૦ ની કુલ લંબાઇ ૬.૨ કિ.મી. માં હયાત ડામર સપાટીને મીલીંગ કરી એમ.૪૦૦ ગ્રેડનું ૨૧૦ એમ.એમ.જાડાઈનું કોંક્રીટનું લેયર કરવાની જોગવાઈ છે.

- **સદર રસ્તાની કામગીરી માટેનું સંભવિત આયોજન**

| | | |
|---|---|---|
| (૧) | વર્ક ઓર્ડર આપ્યા તારીખ | તા.૧૭/૦૧/૨૦૨૪ |
| (૨) | કામ પૂર્ણ થવાનીકરાર મુજબ તારીખ | તા.૧૬/૧૨/૨૦૨૪ |

## :રસ્તાને વાઈટટોપીંગ કરવાથી થનાર ફાયદાઓ:

- સદર રસ્તો ઉત્તર ગુજરાતના જિલ્લાઓને અમદાવાદ તથા ગાંધીનગરજિલ્લાને જોડતો અગત્યનો રસ્તો છે.
- મુંબઈ-સુરત-વડોદરા-અમદાવાદ થઈ મહેસાણા-પાલનપુર-રાજસ્થાન જવા માટેના વાહન વ્યવહાર માટેનો ખુબ જ અગત્યનોરાજ્ય ધોરીમાર્ગ છે.
- રુટિંગ, માળખાકીય તિરાડો અને ખાડાઓને અટકાવે છે, જે સુરક્ષિત અને ઝડપી મુસાફરી પૂરી પાડે છે.
- હાલના પેવમેન્ટ્સનીમાળખાકીયક્ષમતામાં સુધારો કરે છે.
- પ્રારંભિક બજેટ ડામર સપાટીના રસ્તાઓ કરતાં થોડું વધારે છે પરંતુ તેનું ટકાઉપણુંડામરના રસ્તા કરતા વધારે છે.
- સફેદ સપાટીના કારણે રાત્રે ડ્રાઈવરને ચોખ્ખી રીતે જોઇ શકે છે જેથી પ્રવાસીઓની સલામતી સુધારે છે.
- પેવમેન્ટ ડિફ્લેક્શન ઘટાડે છે, જેના પરિણામે વાહનોના ઈંધણનો ઓછો વપરાશ થાય છે (10-15%) અને આમ, ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.
- વાહનોનું બ્રેકિંગ અંતર ઘટાડે છે, જે તેને સૂકી અને ભીની સપાટીની સ્થિતિમાં સુરક્ષિત બનાવે છે.
- સપાટી ઉપરથી પાણીનો ઝડપી નિકાલ થશે.